બીએસએફના વેસ્ટર્ન કમાન્ડના એડીજી પી.વી.રામા શાસ્ત્રીએ ગાંધીનગર ખાતેના ગુજરાત ફ્રન્ટિયર યુનિટ ઉપરાંત કચ્છ સરહદે ક્રીક ક્ષેત્રની મુલાકાત લઇ સુરક્ષાની સમીક્ષા કરી

ગાંધીનગર ખાતેના સીમા સુરક્ષા દળના ગુજરાત ફ્રન્ટિયર યુનિટ ખાતે તા. ૨૪મી ફેબ્રુઆરીએ બીએસએફના વેસ્ટર્ન કમાન્ડના એડીજી પી.વી.રામા શાસ્ત્રીએ ગુજરાત ફ્રન્ટિયર યુનિટની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે બીએસએફના ગુજરાત ફ્રન્ટિયરના આઇજી જી. એસ. મલિક દ્વારા તેમને બેક્રિયર ગુજરાત કેરેશનલ અને વહીવટી પાસાઓ સંબંધિત માહિતી આપવામાં આવી હતી. બીજા દિવસે તા. ૨૫મી ફેબ્રુઆરીએ તેઓ ભુજ પાસેના ક્રીક ક્ષેત્ર માટે રવાના થયાં હતા અને ભુજ બીએસએફના ડીઆઈજી સાથે ક્રીક ક્ષેત્ર જેમાં ખાસ કરીને ઉપરાંત હરામીનાળાનો વ્યાપક પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસમાં તેમણે કોફીલ્ડ કમાન્ડરો દ્વારા બીએસએફ ગુજરાતની સુરક્ષા તેમજ લોજિસ્ટિક્સ અને તાલીમ કેસ વિશે માહિતી મેળવી બહુમૂલ્ય સૂચન કર્યા હતા અને ગુજરાતની આંતરરાષ્ટ્રીય સીમાઓની સુરક્ષા માટેના બીએસએફના કાર્ય અંગે તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો.

પોલીસે ટપોરી વસૂલી દાદા અને તેના સાગરીતોની ધરપકડ કરી

શહેરમાં લુખ્ખા તત્વો બેફામ બની રહ્યા છે. ચાંદખેડા વિસ્તારમાં રહેતો ટપોરી અને વસૂલી દાદા તરીકે ઓળખાતા આરોપીએ બ્રેડ પકોડાની લારી પર કામ કરતા કારીગરને જૂની માથાકુટનું મનદુખ રાખીને અપહરણ કર્યું હતું. અપહરણ કર્યા બાદ શરીરને ભાગે છરીના ઘા માર્યા હતા. હાલ તો આ અંગે ફરિયાદ દાખલ થયા બાદ પોલીસે ટપોરી વસૂલી દાદા અને તેના સાગરીતોની ધરપકડ કરી છે. જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. પોલીસ કસ્ટડીમાં ઉભેલા ટપોરીનું નામ સંજય પરમાર છે પરંતુ ચાંદખેડા વિસ્તારમાં વસૂલી દાદા તારીખે પોતાની ધાક ઊભી કરી આતંક મચાવી રહ્યો હતો. આરોપી વસૂલી દાદા અને તેના સાગરીતોએ ચાંદખેડા વિસ્તારમાં બ્રેડ પકોડાની લારી પર કામ કરતા કારીગરનું ગાડીમાં બેસાડી અપહરણ કરી પેટના ભાગે અને હાથના ભાગે છરીના ઘા મારીને લોહીલુહાણ કરી નાખ્યો હતો. જોકે ફરિયાદીએ બૂમો પાડતા આરોપીઓ ભાગી ગયા હતા. સમગ્ર ઘટનાની જાણ ચાંદખેડા પોલીસે થતાં પોલીસે આરોપીઓને ગણતરીના કલાકોમાં ઝડપી પાડયા છે. આરોપી વસૂલી દાદા સહિત ચાર આરોપીઓની ધરપકડ કરી પૂછપરછ કરતાં કંઈક અલગ હકીકતો સામે આવી છે. ત્રણ મહિના પહેલા બ્રેડ પકોડાની લારીના માલિકના ભાઈ વિજય ઠાકોર સાથે માથાકૂટ થઈ હતી.

ગીચોડ પાસે કન્ટેનર પલ્ટી ખાઈ ગયું

રાજસ્થાન થી અમદાવાદ કાપડના બોક્ષ ભરીને જઈ રહેલું કન્ટેનર અચાનક ગીયોડ પાટીયા પાસે પલ્ટી ખાઈ ગયું હતું. સર્વિસ માર્ગ વચાળે જ કન્ટેનર પલ્ટી ખાતા ટ્રાફિક જામ થયો હતો.જયારે કન્ટેનરમાં રહેલો સામાન બીજા વાહનમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. બનાવની જાણ થતા ચિલોડા પોલીસ સ્ટાફના જવાનો પણ દોડી આવ્યા હતા.

એકટીવામાં પેટ્રોલ પુરુ થઈ જતા યુવકે ધક્કો મારવા આપેલુ બાઈક લઈ શખ્સ ફરાર

ગાંધીનગર,તા.૨૭

આજના સમયમાં કોઈની મદદ કરવી તો પણ જોઈને કરવી તેવો સમય આવી ગયો છે. આજના કિસ્સામાં યુવકને ધરમ કરતા ધાડ પડી તેવો ઘાટ સર્જાયો છે. શરેથા ટોલટેક્ષ પાસે એકટીવામાં પેટ્રોલ પુરુ થઈ જતા ધક્કો મારવા આપેલુ સવા લાખ કિંતમનું અપાચે બાઈક લઈને શખ્સ ફરાર થઈ ગયો છે.

જમીયતપુરા ગામે રહેતો વિસત પટેલ ખોડીયાર કેટરર્સ ચલાવે છે. વિસત પોતાના વેપાર અને અંગત ઉપયોગ માટે જી.જે.૧૮.ડી.એમ.-૧૮૬૫ અપાચે બાઈક રાખે છે. ગત રોજ સાંજના સુમારે વિસત પટેલ જમીયતપુરાથી કલોલ કેટરર્સના કામે જવા માટે નીકળ્યો હતો. ત્યારબાદ સાંજે ૬ વાગે કલોલ થી જમીયતપુરા આવવા માટે રવાના થયો હતો. તે સમયે સાંજના ૬.૩૦ વાગ્યાના અરસામાં શેરથા ટોલટેક્ષની ઓફિસ પાસે એકટીવામાં પેટ્રોલ પુરુ થઈ જતા એક શખ્સ ઉભો રહ્યો હતો. તે સમયે અપાચે બાઈક લઈને નીકળેલા યુવકને ઈશારો કરતા તે મદદ માટે ઉભો રહ્યો હતો. બાઈક ચાલકને ધક્કો મારતા ન ફાવતા યુવકે મદદ માટે ના પાડી હતી. ત્યારે શખ્સે તમે મારુ એકટીવા લઈ લો અને તમારુ બાઈક મને આપો હું ધક્કો મારી દઉં. જેથી યુવકે વિશ્વાસ રાખી શખ્સને બાઈક આપ્યું હતું. અપાચે બાઈકથી શખ્સે એકટીવાને ધક્કો મારી અડાલજ બગ્ગા પેટ્રોલ પંપ બાજુ વળાંક લેતા શખ્સ બાઈક લઈને સીધો અડાલજ તરફ નાસી ગયો હતો. યુવકે બુમાબુમ કરતા નાગરીકો એકઠા થઈ ગયા હતા. જયારે બાઈક લઈને શખ્સ નાસી ગયો હતો. જેથી યુવકે એકટીવા ના નંબર જી.જે.૦૧.જે.ઝેડ.-૭૬૧૧ પેલા શખ્સની શોધખોળ કરી હતી પરંતુ તે ના મળી આવતા આખરે રૂ.૧.૨૫ લાખના બાઈક અંગે વિસત પટેલે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

લવારપુર-ડભોડા માર્ગમાં રીક્ષાને કાર ચાલકે ટક્કર મારતા ત્રણને ઈજા

ગાંધીનગર, તા.૨૭

લવારપુર થી ડભોડા બંધ રીક્ષાને ધક્કો મારીને લઈ જઈ રહ્યા હતા, ત્યારે રાત્રીના નવ વાગ્યાના અરસામાં કાર ચાલકે સામેથી ટકકર મારતા રીક્ષા હવામાં ફંગોળાઈ હતી. આ ગંભીર અકસ્માતમાં સાળા-બનેવી અને ભાણીયાને ઈજા પહોચી હતી. જયારે અકસ્માત બાદ ચાલક કાર મુકીને નાસી ગયો હતો. જયારે ૧૦૮ દ્વારા તમામ ઈજાગ્રસ્તને સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા લવારપુર માર્ગ પર ફાટા તળાવ જોગણી માતાના મંદિર પાસે રહેતા ભીખાભાઈ બાબુભાઈ વાઘરી ચાર સંતાનો અને પત્ની સાથે રહે છે. ગત તા.૨૬ ફેબુઆરીના રોજ ભીખાભાઈ ઘરે હાજર હતા. તે સમયે તેમનો સાળો રાજેશ મહેશ દંતાણી આવ્યો હતો. રાજેશને રીક્ષા નં. જી.જે.૨૭.ડબલ્યું.-૩૯૮૨ લઈને અમદાવાદ જવાનું હતું અને રીક્ષા બંધ થઈ ગઈ હતી. જેથી સાળાએ રીક્ષાને ધક્કો મારવાનું કહેતા બનેવી અને ભાણીયો આવ્યા હતા.જયારે ભાણીયો રીક્ષાની પાછળ સીટમાં બેઠો હતો. જયારે રાત્રીના નવ વાગ્યાના અરસામાં રીક્ષાને ધક્કો મારતા-મારતા સાળો-બનેવી લવારપુર-ડભોડા માર્ગ પર આવી ગયા હતા. રાત્રીના સમયે માર્ગ પર રીક્ષાને ધક્કો મારી રહ્યા હતા તે સમયે સામેથી આવી રહેલી કાર નં. જી.જે.૧૮.બી.એફ.-૮૮૨૭ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે કાર હંકારી રીક્ષાને સામેથી ટક્કર મારતા ત્રણેય જણા રીક્ષા સાથે ફંગોળાઈને દુર પડ્યા હતા. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા. તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર અને ત્યારબાદ અમદાવાદ સિવિલ ખસેડાયા હતા.જયાં ભીખાભાઈને જમણા પગે અને ડાબા પગે તેમજ હાથ પર ઈજાઓ પહોંચી હતી.જયારે વિષ્ણુને માથાના પાછળના ભાગે અને રાજેશને માથામાં અને જમણા હાથે તેમજ કાનમાં ઈજા પહોંચી હતી. જયારે અકસ્માત બાદ કાર મુકીને ચાલક ભાગી ગયો હતો. બનાવ અંગે ભીખાભાઈની ફરીયાદને પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ટીપી-૯માં ભાગવતકથાની વાજતે ગાજતે પોથીયાત્રાએ નગરચર્યા કરી

સરગાસણના ટીપી-૯માં શ્રીમદ ભાગવતકથાના પ્રથમ દિવસે સ્થાનિકો સાથે વાજતે ગાજતે પોથીયાત્રાએ નગરચર્યા કરી હતી. પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત શ્રીમદ ભાગવત કથાના પ્રથમ દિને શિક્ષાપત્રીના મેદાનમાં ભવ્ય શમીયાણામાં પોથીની પધરામણી થઈ હતી અને કોરોનાની બિમારી તથા અન્ય રીતે સ્વર્ગસ્થ થયેલા આત્માઓના મોક્ષાર્થે તેમના ફોટાઓનું પૂજન અર્ચન કરી ભાગવતકથાનો કથાવાચક ભારતીબાપુએ મધુર વાણીમાં મંગલ પ્રારંભ કર્યો હતો. મોટી સંખ્યામાં શ્રાવકોની હાજરીથી ભાવગતકથાનો ઉદ્દેશ પરિપૂર્ણ થવાની આશા સૌ કોઈએ વ્યકત કરી હતી. દાતાઓએ પણ વિવિધ પ્રવૃત્તિમાં પોતાનું યોગદાન અર્પણ કરી આ ધાર્મિક પ્રસંગે પોતાની શ્રધ્ધા વ્યકત કરી હતી.

મહાશિવરાત્રીએ વાવોલના બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે બરફના અમરનાથ દર્શન યોજાશે

ગાંધીનગર તા. ૨૭

આગામી તા.૧મી માર્ચ મંગળવારના રોજ ભગવાન ભોળાનાથના પાવન પર્વ મહાશિવરાત્રી નિમિત્તે ગાંધીનગરના વાવોલમાં ઉવારસદ રોડ પરની શાલીન-૩ સોસાયટીની બાજુમાં "પ્રભુ મિલન" બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે બરફના અમરનાથ દર્શન યોજાશે.

આ ઉપરાંત કલિયુગ - સતયુગની ઝાંખી ઉપરાંત આધ્યાત્મિક પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું છે તેવું વાવોલ બ્રહ્માકુમારીઝ કેન્દ્રના સંચાલિકા બીકે હંસાદીદીએ જણાવ્યું હતું. બરફના અમરનાથ દર્શનનો સમય સવારે ૭થી ૧ કલાક અને ત્યારબાદ બપોરે ૩થી રાતે ૯ કલાક સુધીનો રાખવામાં આવ્યો છે જેનો વાવોલ વિસ્તારના તમામ ધર્મપ્રેમી નાગરિકોને મહાશિવરાત્રીના પાવનતમ પર્વ પર ભોળાનાથ પાસેથી ખાસ શાંતિ અને વિશ્વ કલ્યાણની અનુભૂતિ માટે નિઃશુલ્ક લાભ લેવા બીકે હંસાદીદીએ જાહેર ઈશ્વરીય નિમંત્રણ પાઠવ્યું છે.

પાલનપુરના ખેડૂતો હવે ફરી એકવાર આંદોલનના માર્ગે

બનાસકાંઠા, તા.૨૭

પાલનપુર પંથકમાં સિંચાઈ માટેના પાણીની માંગને લઈને કિસાન સંઘના સંગઠન હેઠળ ૫૦ ગામોના ૩૦૦થી વધુ ખેડૂતોની બેઠક મળી હતી. જેમાં પાણી માટે આંદોલન છેડવાનો સામુહિક નિર્ણય કરાયો હતો. જેને પગલે ૭ માર્ચે ખેડૂતો પાલનપુરમાં વિશાળ રેલી નીકાળીને કલેક્ટર કચેરી પહોંચી પાણીની સમસ્યાના ઉકેલની માંગ કરી આંદોલન શરૂ કરશે. પાકિસ્તાનની સરહદે આવેલો બનાસકાંઠો જિલ્લો હંમેશા પાણીની તકલીફથી ઝુઝી રહ્યો છે. જો કે આ જિલ્લાના મોટાભાગના લોકો ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા છે, તેવામાં પાલનપુર તાલુકામાં કોઈ નહેર કે અન્ય કોઈ વ્યવસ્થા ન હોવાના કારણે તેમજ પાણીના તળ ખુબજ ઊંડા જવાથી ખેડૂતોને સિંચાઈની પાણી મળતું ન હોવાથી ખેડૂતો વર્ષોથી મુશ્કેલીમાં મુકાયા છે. અનેકવાર સરકાર સમક્ષ રજૂઆતો કરવા છતાં કોઈજ પરિણામ ન આવતા આજે કિસાન સંઘના નેજા હેઠળ પાલનપુર તાલુકાના ૫૦ ગામોના ૩૦૦થી વધુ ખેડૂતો પાલનપુરના પરપડા ગામના મંદિરમાં એકઠા થયા હતા.

સિંચાઈનું પાણી મેળવવા તેમજ મલાણા ગામનું તળાવ ભરવા તેમજ ખેડૂતોને પડતી અન્ય મુશ્કેલીઓની ચર્ચા કરીને પાણી માટેના આંદોલન માટેની રણનીતિ ઘડી કાઢી હતી. જેને લઈને ખેડૂતોએ આવનારી ૭ માર્ચે મલાણા ગામના તળાવમાં ભૂમિ પૂજન અને ગંગા આરતી કરીને ટ્રેક્ટરો દ્વારા પાલનપુર પહોંચી ત્યાંથી ખેડૂતોની વિશાળ રેલી નીકાળીને કલેક્ટરને આવેદનપત્ર આપીને પાણી માટેનું આંદોલન છેડવાનો નિર્ણય કર્યો છે. જો પાણીની સમસ્યા નહિ ઉકેલાય તો ૫૦ ગામો ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા

આદર્શ નિવાસી કુમાર છાત્રાલય સેક્ટર ૮ ખાતે છાત્ર સંવાદ કાર્યક્રમ યોજાયો

ભાજપ અનુસૂચિત જાતિ મોરચા દ્વારા આદર્શ નિવાસી કુમાર છાત્રાલય, સેક્ટર ૮ ખાતે છાત્ર સંવાદ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી પ્રદીપભાઈ પરમાર, ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણા, અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય કોશાધ્યક્ષ સૂરજ કેરોજી, મોરચાના પ્રદેશ અધ્યક્ષ ડૉ. પ્રધ્યુમન વાજા, પ્રદેશ મોરચાના મહામંત્રી વિક્રમભાઈ ચૌહાણ, પ્રદેશ ઉપાધ્યક્ષ અનિતાબેન પરમાર, છાત્ર સંવાદ પ્રકલ્પના સહ ઇન્ચાર્જ નિલેશભાઈ આચાર્ય, મોરચાના મહાનગરના પ્રમુખ વીરેન્દ્ર જાદવ તેમજ ગાંધીનગર શહેર અને જિલ્લા ભાજપા હોદ્દેદારો અને સમાજ શ્રેષ્ઠીઓ અને અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. છાત્ર સંવાદ કાર્યક્રમમાં સૌ ઉપસ્થિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓનો પરિચય મેળવીને છાત્રાલયમાં ઉપલબ્ધ સુવિધાઓની સમીક્ષા કરી સ્વનિરીક્ષણ કર્યું હતું અને વિવિધ મુદ્દે છાત્રો સાથે સંવાદ કર્યો હતો. છાત્રાલયમાં પાણી માટેના ઈ મશીનની જરૂરિયાતની જાણ થતાં મહાનગરના મેયર હિતેશભાઈ મકવાણાએ તેઓની ગ્રાન્ટમાંથી છાત્રો માટે ઈ મશીનની મંજુરી આપી હતી.

તબાહ થયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્થિત છે અને તેનો ઉપયોગ યુક્રેનના પ્રદેશ પરના લક્ષ્યો પર હુમલો કરવા માટે થઈ શકે છે. યુક્રેનિયન સશસ્ત્ર દળોના અહેવાલ મુજબ, ડઝનેક ટાંકીઓ શામસ્કોઇ ક્ષેત્રમાં સ્થિત છે અને બીએમ -૨૧ ગ્રાડ રોકેટ પ્રક્ષેપકો કોસિવશ્ર્યા, સુમી ઓબ્લાસ્ટના પ્રદેશમાં મૂકવામાં આવ્યા હતા. રશિયાએ તેના વિમાનો વડે કિવ નજીક યુઝના, ઓડેસા ઓબ્લાસ્ટ, ઓઝર્ન એરફિલ્ડ અને નાગરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવ્યું હતું. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે રશિયાએ કિવની સુરક્ષાનો ભંગ કરવાના નિષ્ફળ પ્રયાસમાં ટેક અને લશ્કરી વાહનોનો પણ ઉપયોગ કર્યો હતો. યુક્રેનની સેનાએ ખાર્કિવ ઓબ્લાસ્ટમાં રશિયન આક્રમણને અટકાવ્યું છે. સુમી ઓબ્લાસ્ટના ઓક્તિરકામાં હજુ પણ શહેરી યુદ્ધ લડવામાં આવી રહ્યું છે. યુક્રેનના નૌકાદળોએ સુલભ લેન્ડિંગ સાઇટ્સનું ખાણકામ કર્યું.

કિવ ઈન્ડિપેન્ડન્ટના જણાવ્યા અનુસાર, સૈન્યએ જણાવ્યું હતું કે યુક્રેનની હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ દુશ્મન જેટ દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાને સફળતાપૂર્વક નિષ્ફળ બનાવ્યો હતો. કિવની દક્ષિણે તોડી પાડવામાં આવેલ રશિયનેં-૭૬ લશ્કરી પરિવહન વિમાન ઉપરાંત, યુક્રેનિયન એરફોર્સ કિવ, ચેર્નિહિવ અને ખેરસન વિસ્ફોટોમાં દુશ્મન માનવશક્તિ અને લશ્કરી સાધનોને આગથી નુકસાન પહોંચાડવાનું ચાલુ રાખે છે. એવું કહેવાય છે કે સંયુક્ત દળ સંરક્ષણાત્મક કાર્યવાહી કરી રહી છે. રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી કિવમાં યુક્રેનના સંરક્ષણનું નેતૃત્વ કરી રહ્યા છે. તેણે કહ્યું, 'અમે આપણા દેશની રક્ષા કરીશું.'

મજબૂત કરવા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જર્મનીએ યુક્રેનને ૧૦૦૦ એન્ટી-ટેક હથિયાર, ૫૦૦ સ્ટિંગર (જમીનથી હવામાં માર કરનારી મિસાઈલ) મોકલશે. જર્મન ચાન્સલેરે કહ્યુ, રશિયા હુમલો એક મહત્વપૂર્ણ છે. આ અમારૂ કર્તવ્ય છે કે અમે યુક્રેનને પુતિનની હુમલાખોર સેના વિરુદ્ધ બચાવમાં મદદ કરવાનો સંપૂર્ણ પ્રયાસ કરીશું. તેથી અમે યુક્રેનને

અમારા મિત્રોને ૧૦૦૦ એન્ટી ટેક મિસાઈલ અને ૫૦૦ સ્ટિંગર મિસાઈલો મોકલી રહ્યાં છીએ.

બેલ્જિયમઃ બેલ્જિયમ પણ યુક્રેનની મદદ માટે આગળ આવ્યું છે. બેલ્જિયમે રોમાનિયામાં ૩૦૦૦ સૈનિકોને તૈનાત કર્યા છે અને યુક્રેનને મશીનગન મોકલી રહ્યું છે.

ચેક ગણરાજ્યઃ ચેક ગણરાજ્યએ યુક્રેનને ૮૫ લાખ ડોલરના હથિયાર અને દારૂગોળો મોકલવાની વાત કહી છે. ચેક રક્ષા મંત્રાલયે કહ્યું, યુક્રેન મોકલનારા સમાનમાં સૈન્ય મશીન ગન, અસોલ્ટ રાઈફલો અને અન્ય હળવા હથિયાર છે. ચેક રક્ષા મંત્રાલય તરફથી જાહેર નિવેદન પ્રમાણે તે આગળ પણ યુક્રેનની મદદ કરતું રહેશે.

સ્વીડનઃ સ્વીડન યુક્રેનને સૈન્ય, તકનીક અને સૈન્ય ઉપકરણ આપી રહ્યું છે. ફ્રાન્સઃ ફ્રાન્સે યુક્રેનને ૩૦૦ મિલિયન યૂરો અને સૈન્ય ઉપકરણ આપવાની વાત કહી છે.

બ્રિટન- લોજિસ્ટિક ઓપરેશનમાં મદદની રજૂઆત કરી છે.

નેધરલેન્ડઃ ૨૦૦ એન્ટી-એરક્રાફ્ટ મિસાઈલ યુક્રેન મોકલશે. નેધરલેન્ડ તરફથી જાહેર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તે યુક્રેનને ૨૦૦ હવાઈ રક્ષા રોકેટ ઉપલબ્ધ કરાવશે. આ પહેલા રાઈફલ, રડાર સિસ્ટમ, માઈન ડિટેક્શન રોબોટ સહિત અન્ય ઉપકરણ યુક્રેનની મદદ માટે મોકલી આપ્યા છે.

પોલેન્ડ- રશિયાની સાથે લડાઈમાં યુક્રેનને હથિયાર આપવાનું વચન આપ્યું છે.

યુક્રેનના રાષ્ટ્રપતિએ દાવો કર્યો છે કે અમેરિકા-બ્રિટન સહિત ૨૮ દેશોએ હથિયાર આપવાનું વચન આપ્યું છે.

તેમણે કહ્યું કે, દેશમાં અમારે રશિયાનો સામનો કરવા માટે હથિયાર અને બીજા સૈન્ય ઉપકરણ આપશે.

કેન્દ્રીય મંત્રી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

નારાયણ રાણેના આરોપો પછી દિશાના માતા-પિતાએ ઘણી નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે, તેમની દીકરી કામને કારણે માનસિક દબાણમાં હતી, જેના કારણે આત્મહત્યા કરી લીધી. દિશાના પેરેન્ટ્સે મહિલા આયોગને પત્ર લખીને નારાયણ રાણે પર તેમની દીકરીને બદનામ કરવાનો આરોપ લગાવ્યો હતો.

થોડા દિવસ પહેલા કેન્દ્રીય મંત્રી નારાયણ રાણેએ પ્રેસ કોન્ફરન્સ કરી આરોપ લગાવ્યો હતો કે, દિશા સાલિયાને આત્મહત્યા નથી કરી, પરંતુ તેની હત્યા થઈ હતી અને તેની હત્યાનું રહસ્ય અભિનેતા સુશાંત સિંહ રાજપૂત જાણતો હતો, એટલે તેની પણ હત્યા કરી દેવાઈ. તે પછી તેમના પુત્ર અને ભાજપના ધારાસભ્ય નિતેશ રાણેએ દિશાના મોત મામલે ત્રણ પોસ્ટ કરી હતી. તેમણે દિશાની મોતને એન્ટીલિયા કેસમાં જેલમાં બંધ સસ્પેન્ડેડ પોલીસ અધિકારી સચિન વઝે સાથે જોડ્યો હતો.

પસંદ નથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરતા રહ્યા, તે પરિવારવાદી દેશને મજબૂત ન કરી શકે. જે લોકોના દિલ, દેશમાં બોમ્બ ધમાકા કરાવનાર આતંકીઓ માટે ધડકે છે, તે ક્યારેય દેશને સશક્ત નહીં બનાવે. પહેલાની સરકારોની જે નીતિઓ હતી, તેણે વિદેશથી સામાન મંગાવવા પર ભાર આપ્યો. આ લોકોને ભારત બીજા દેશો પર નિર્ભય રહે તે સારૂ લાગે છે. તેને માત્ર કમીશન નજર આવે છે, તેથી આ લોકો ક્યારેય આત્મનિર્ભર ભારતની વાત કરતા નથી. કમિશન પર જીવતા ક્યારેય કિસાન હિત અને રાષ્ટ્રહિત માટે પગલા ન ભરી શકે. આ કોઈ જાતિના નથી હોતા, કોઈ સમાજના નથી હોતા. તેના માટે પોતાનો સ્વાર્થ સૌથી મોટો છે. પાછલી ચૂંટણીમાં સપા-કોંગ્રેસ ગઠબંધન પર કટાક્ષ કરતા પીએમ મોદીએ કહ્યુ, '૨૦૧૭માં જેને સાથે લઈને ફરતા હતા, ૨૦૧૯માં તેનો સાથ છોડી બાજાને સાથે લીધા. પછી તેનો સાથ છોડી દીધો. ૨૦૨૨માં નવા સાથી લઈને આવ્યા. જે પોતાના સાથીઓને છોડી દે તે તમારો સાથ શું આપશે.' પીએમ મોદીએ કહ્યુ, 'આજે પમાં તબક્કાનું મતદાન થઈ રહ્યું છે. આજનું મતદાન યુપીમાં ભાજપ-એનડીએની પ્રચંડ બહુમતવાળી સરકાર પર વધુ એક સ્ટેમ્પ લગાવવાનું છે. યુપીને તોફાન મુક્ય બનાવવા માટે, ગુંડામુક્ત બનાવી રાખવા માટે, યુપીના વિકાસ માટે, લોકોના ભરપૂર આશીર્વાદ મળી રહ્યાં છે. આજે ચંદ્રશેખર આઝાદ જીના બલિદાન દિવસ પર દેશ પોતાના સપૂતને યાદ કરી રહ્યો છે. કાલે બાલાકોટ એરસ્ટ્રાઈકના ત્રણ વર્ષ પૂરા થવા પર દેશે પોતાની વાયુસેનાના પરાક્રમને યાદ કર્યો. આપણા શૂરવીરોએ દેશને પડકાર આપનારને તેના ઘરમાં ઘુસી માર્યા હતા.'

પરત ફર્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રવિવારે સવારે યુક્રેનમાં ફસાયેલા ૨૫૦ ભારતીય નાગરિકોને બુખારેસ્ટ (રોમાનિયા) થી લઈને બીજી ઉડાન દિલ્હી એરપોર્ટ પર પહોંચી હતી. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા અને વિદેશ રાજ્ય મંત્રી વી. મુરલીધરને બુખારેસ્ટના રસ્તે યુક્રેનથી સુરક્ષિત પહોંચેલા ભારતીયોનું સ્વાગત કર્યુ હતું.

યુદ્ધ પ્રભાવિત યુક્રેનથી અત્યાર સુધી કુલ ૭૦૯ ભારતીય નાગરિકોને બહાર કાઢવામાં આવ્યા છે, જેમાંથી ૨૫૦ રવિવારે સવારે દિલ્હી અને ૨૧૯ શનિવારે સાંજે મુંબઈ પહોંચ્યા હતા.

આ વચ્ચે શનિવારે ભારતીય દૂતાવાસે એડવાઈઝરી જાહેર કરી ભારતીય નાગરિકોને બોર્ડર પોસ્ટ પર ન જવાની અપીલ કરી હતી. ભારતીય દૂતાવાસે એડવાઈઝરીમાં કહ્યું કે, તમામ ભારતીય નાગરિકને સલાહ આપવામાં આવે છે કે તે બોર્ડર પોસ્ટ પર ભારત સરકારના અધિકારીઓની સાથે પૂર્વ સમન્વય વગર કોઈપણ બોર્ડર પોસ્ટ પર ન જાય. યુક્રેનમાં ભારતીય દૂતાવાસે કહ્યું કે, ભારતીય નાગરિકોને કાઢવા માટે પાડોશી દેશોમાં આપણા દૂતાવાસ સાથે કામ કરી રહ્યાં છીએ.